સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

નોકરી-પ્રવેશ લાલચ આપી ઉતરાવે વસ્ત્રો !
લલચાવી ગરીબોને એ મૂંડને ફેરવે અસ્ત્રો !
બેઠા છે બધા સત્તામાં અસભ્યો 'સભ્ય'ના સ્વાંગમાં -
ધૂજે ધાક-ધમકીથી, ન્યાય પણ સેરવે શસ્ત્રો !

હાઈકુ

બેસી ગ્યા પાછા !
દેશ દુર્દશા જોઈ -
મંદિરે જઈ...
(પોલીસ રાઉન્ડ જેવી યાત્રા સંપન્ન)

હાલત જોઈ -
'આપણું કામ નંઈ !!'
થયા હતાશ...
(જય 'રણ' - છોડ)

ચિંતન

દેહયોગા દ્વા સેડપિ ।

ઉપરોક્ત સૂત્ર બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

એ તિરોભાવ પણ શરીરના સંબંધથી જ છે.

જીવાત્મા વાસ્તવિક રીતે વિચારતાં પરમાત્મા સ્વરુપ છે અને પરમાત્મા જેવા ગુણધર્મોથી યુક્ત છે તો પણ વ્યવહારિક રીતે એ ગુણોથી વંચિત કેમ છે અને પોતાના સહજ પરમાત્મા સ્વરુપનો સ્વાનુભવ કેમ નથી કરતો ? એનું મુખ્ય કારણ એનો દેહાધ્યાસ છે. એ શરીરનો સંબંધ તો રાખે જ છે, પરંતુ શરીરનો મોહ તથા શરીર સમજે છે.

દેહબુદ્ધિને લીધે વિષપવતી વૃત્તિ તથા બુદ્ધિને લીધે એ વિષયાંધ બનીને અનેક પ્રકારના કુકર્મો કરે છે અને એના પરિણામે સુખદુઃખનો સંમિશ્રિત અનુભવ કરતાં જન્મમરણને આધિન બનીને વિવિધ યોનિઓમાં વિહરે છે. એ વિષયાસક્તિ, મોહવૃત્તિ તથા દેહાધ્યાસની વિપરીત ભાવનાનો અંત આણવા માટે પરમાત્માની આરાધના અથવા આત્મવિચાર જેવો અકસીર, અમોઘ ઉપાય બીજો એકે નથી. એ ઉપાયને અજમાવવાથી પરમાત્માની અસાધારણ અપાર અનુકંપાથી એ પોતાના મૂળભૂથ શાશ્વત સત્ય સ્વરુપનો સ્વાનુભવ કરી શકે છે, અનંત ઐશ્વર્યનો સ્વામી થાય છે તે મુક્ત, પૂર્ણ તથા ધન્ય બને છે.

સુવિચાર

- નરક ઈશ્વરનો ન્યાય છે, સ્વર્ગ ઈશ્વરનો પ્રેમ છે,
  પૃથ્વી ઈશ્વરની દીર્ઘકાલીન યાતના છે - **સંત ઓગસ્ટીન**
- દરેક કાર્યને માટે સમય હોય છે અને દરેક સમયને માટે કાર્ય હોય છે - **બાઈબલ**
- શિક્ષકનું કાર્ય કોઈ સ્વતંત્ર તત્ત્વ ઉત્પન્ન કરવાનું નથી,
  પણ સુષુપ્તને જાગૃત કરવાનું છે - **વિનોબા ભાવે**
- ક્રોધ તો મફતમાં મળે છે, ક્ષમા પીડા વેઠ્યા વિના આત્મસાત્ થતી નથી - **જનકલ્યાણ**
- 'હું પુણ્ય કરું છું, 'હું પાપ કરું છું' બેઉમાં 'ઈગોઈઝમ' છે - **આસસૂત્ર**
- જે સંસ્કૃતિ મહાન છે, તે બીજી સંસ્કૃતિને ડરાવતી નથી,
  પણ તેને સાથ આપીને પવિત્ર બનાવે છે - **સાને ગુરુજી**
- આજનું ઔષધ : ગૌમુત્રમાં લીમડાના પાન પીસી પાટો બાંધવાથી ખંજવાળ તથા બળતરામાં રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સારા સાચા સંતનું સાનિધ્ય માણસને શુદ્ધ અને નિર્મલ બનાવે છે પરંતુ જયાં સુધી વ્યક્તિ પ્રયત્ન ના કરે ત્યાં સુધી પોતાના હૃદયના દ્વારા ખૂલતા નથી. એક ઉત્તમ ચિત્રકાર હતો. દેશવિદેશમાં તેની કળાના ખૂબ વખાણ થતા હતા. સૌ તેના ચિત્રો જોઈને કહેતા કે આવા ચિત્રો પડેલા કયાંય જોયા નથી. ચિત્રોના વિષયો અને રંગપૂર્ણીથી કે બીજી કોઈ બાબતે કોઈ વિવેચક પણ તેમાં કોઈ ભૂળ કાઢી શકતા ન હતા. એકવાર તેણે એક મહેલનું ચિત્ર બનાવ્યું જે મહેલની બહાર પ્રભુ ઈસુ પ્રસન્ન મુદ્રામાં દરવાજે ઊભા હતા. આવો સુંદર મહેલ કોઈએ જોયો ન હતો. આવું અદ્‌ભૂત ચિત્ર લોકોમાં ખૂબ પસંદગી પામ્યું. મહેલની ઝીણી ઝીણી બાબતોનું અદ્‌ભૂત રેખાંકન થયું હતું. અને પ્રસન્ન ઈસુની ઉપસ્થિતિને લીધે આખું ચિત્ર ખરેખર દીપી ઉઠ્યું હતું. જે કોઈ આ ચિત્ર જોવા આવતું તે ચિત્રકારના બે મોઢે વખાણ કરતું. એક વિવેચક પણ આ ચિત્રની ખ્યાતિ સાંભળી જોવા આવ્યો. તેણે સવારથી બપોર સુધી આ ચિત્રને ઝીણવટભરી નજરે જોયું. બપોરે ગંભીર બની વિવેચકે ચિત્રકારને કહ્યું, 'મહાશય, આપની ચિત્રકળા કાબિલેદાદ છે, પણ એમાં એક ખામી છે, તમે મહેલના દરવાજાને હાતો લગાવવાનું ભૂલી ગાય છો. હવે આ દરવાજો ખૂલશે કેવી રીતે ?' ચિત્રકારો જવાબ આપ્યો, 'ભાઈ, આ દરવાજો માનવીના હૃદય જેવો છે, તેને ખોલવા માટે બહારના હાથાની જરૂર નથી. તે તો અંદરથી જ ખૂલે છે.' અત્યાર સુધી વિવેચક ખુશ હતો કે તેણે ચિત્રકારની કૃતિમાં ભૂલ શોધી કાઢી, પરંતુ ચિત્રકારનો જવાબ સાંભલી તેના મનમાં ચિત્રકાર પ્રત્યેનું માન વધી ગયું.

મંદિર-મસ્જિદને બદલે વૈજ્ઞાનિક અભિગમ અપનાવીએ

તંત્રીસ્થાનેથી...

સામ પિત્રોડાએ યુથ પાર્લામેન્ટમાં કેટલીક ખૂબ જ અગત્યની ચર્ચાઓ કરી વર્તમાન સંજોગોમાં શિક્ષણ વ્યવસ્થા બદલવાનો આગ્રહ કર્યો છે. દેશના અર્થતંત્ર વિશે મોટી મોટી ગુલબાંગો ચલાવવાથી કોઈ જ ફાયદો થવાનો નથી - એ માટે નક્કર પગલાં ભરવાં જરૂરી છે. એગ્રીકલ્ચર ટેકનોલોજી પર પૂરતું ધ્યાન અપાવું જોઈએ કારણ કે બધા જ લોકો નોકરીઓ નહીં મેળવી શકે. ખેતીપ્રધાન દેશ છે તો એણે ખેતી મારફત સમૃદ્ધિ આણવાની હામ રાખવી પડશે. બાળકોને શાળાકાળથી જ વિજ્ઞાન તરફ આકર્ષણ થાય તેવું આયોજન થવું જોઈએ. મંદિર-મસ્જિદ જેવા મુદ્દાઓ એમને રોજગાર મેળવી આપવામાં મદદરુપ નહીં બની શકે. સોશિયલ મીડિયાના માધ્યમથી સરકાર તરફી તત્ત્વો નર્યા જુઠાણાં ફેલાવે છે તે દેશની પ્રગતિ માટે અવરોધરૂપ બાબત છે. પેટ્રોલ વગેરેના ભાવ ભડકે બળે છે એની પાછળ સરકારની પ્રજાને કોઈ ને કોઈ માર્ગે ખંખેરવાની નીતિ જ જવાબદાર છે આપણે મહંદશે રાજકારણ, રમતજગત એન ફિલ્મો વિશે જ ચર્ચા કરતા રહીએ છીએ. ખરું જોતાં શિક્ષણ વિશે ચર્ચા થવી જોઈએ. સામ પિત્રોડાના વિચારો પરત્વે ધ્યાન આપવું જ રહ્યું. માત્ર કોઈ એક નેતા કે એક વિચારસરણીથી દેશનું કલ્યામ થઈ જાય તે વાતમાં માલ નથી. લોકશાહીમાં ચૂંટણી અગત્યનું તત્વ છે, પરંતુ મૂલ્યોના અને મુદ્દાઓના આધારે થવી જોઈએ એને બદલપે હવે તે માત્ર સત્તા મેળવવાનો અને ટકાવી રાકવાનો કર્મકાંડ બની રહેલ છે. ચૂંટણીની ગરિમા ઝંખવાઈ છે. એ જ રીતે યુવાનોને જ્ઞાતિ, ધર્મ, રામ કે અલ્લાહના નામે ગુમરાહ કરી દેશના ભવિષ્ય સાથે જે ગંદી રમત રમાતી રહે છે તે પણ બંધ થવી જોઈએ. લોકોએ નેતાઓને દેવદૂત અને દૂધે ધોયેલા નહીં માની લેવા જોઈએ. લોકોએ એમની પાસે એમની કામગીરીનો હિસાબ માગતાં શીખવું જોઈએ. યુથ પાર્લામેન્ટમાં સામ પિત્રોડાથી સામા છેડાની વિચારધારા ધરાવતા ઝુઝારુ નેતા સુબ્રમણ્યમ્ સ્વામીએ પણ ખેડૂતોને તથા નાના અને મધ્યમ કદના ઉદ્યોગ ચલાવતા સાહસિકોને ઓછા દરે ધિરાણ આપવાની વતા કરી છે. અલબત્ત, એમને મોદીરાજની પ્રશંસા કરતા કરતાં પણ કહી તો દીધું જ કે મુખ્યમંત્રી તરીકે અમદાવાદનું નામ બદલીને કર્ણાવતી રાખવાનો આગ્રહ રાખનારા નરેન્દ્ર મોદી હવે તો વડાપ્રધાન છે. એમને અમદાવાદનું નામ વેળાસર બદલીને કર્ણાવતી કરી દેવું જોઈએ. એમને રામમંદિર સંદર્ભે પણ ચુકાદો હિંદુઓની તરફેણમાં આવશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો અને સાથે જ કોંગ્રેસના મોટા નેતાઓ-સોનિયા ગાંધી, રાહુલ ગાંધી કે શશી થરુર સુધીના બધા જામીન પર છૂટેલા છે એવો કટાક્ષ પણ કર્યો. ટૂંકમાં યુધ પાર્લામેન્ટને એક તરફ સામ પિત્રોડા જેવા ટેકનોક્રેટ જયારે યુવા વર્ગને સાયંટિફિક ટેમ્પરામેન્ટ કેળવવાની સલાહ આપે છે ત્યારે ભાજપના સુબ્રમણ્યમ સ્વામી કે સંબિત પાત્રા રામમંદિર, કર્ણાવતી નામકરણ અને કોંગ્રેસી નેતાઓએ ૬૦ વર્ષનો હિસાબ જ નહીં આપ્યો હોવાના વિશુદ્ધ રાજકીય આક્ષેપો કરી દેશને ધર્મઝનૂન જેવા મુદ્દાઓ તરફ દોરવા પ્રયત્નશીલ છે. ૨૦૧૯ની ચૂંટણીમાં યુવાનો નવા સવા મતદાતાઓ કયા મુદ્દાઓને વધુ મહતત્વ આપશે એ તો ખળે ખબર !

માણસના સ્વભાવમાં સમાયેલી પ્રમાણિકતા એના માટે શ્રેષ્ઠ સદ્‌ગુણ બની રહે છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'કાકા, મને સમજાતું નથી કે તમે આટલી સમૃદ્ધિ હોવા છતાં કેમ રોજ આમ રીક્ષામાં જ બેસો છો? રીક્ષાચાલક કનુ નામના યુવાને ૬૦-૬૫ વર્ષના કાકાને કહ્યું...'

'અરે બેટા, હું યે રીક્ષાવાળો જ છું, તારી જેમ રીક્ષા જ ચલાવતો હતો... લાંબી વાત છે ચાલ પેલા ઘરે લઈ જા...' રમણીકભાઈએ જવાબ આપ્યો... બંને હસ્યા... રીક્ષા સ્ટાર્ટ થઈ... પશ્ચિમ અમદાવાદના માર્ગો પરથી પસાર થતા થતા એક બંગલા પાસે ઊભા રહી... રીક્ષાવાળાને પૈસા ચુકવ્યા... એ જતો હતો તો એને રોકયો - ચોકીદારને કહ્યું કાકાએ 'આ કનુને અંદર લઈને આવ.' રીક્ષાવાળો ચોંકી ગયો...

'અરે મને શેના માટે ?'

'તારે જાણવું છેને હું કેમ રીક્ષામાં બેસું છું ચાલ આજે ચા-નાસ્તો કરાવું ને તને મારી કથા પણ સંભળાવું.' રમણીકભાઈએ કહ્યું.

કનુ આવી ત્યા બંગલાની આભા જોઈને અચંબિત ન થયો. કારણ કે એ લગભગ મહિનામાં પંદર વાર રમણીકભાઈને મુકવા માટે આ બંગલે રીક્ષામાં આવતો હતો. કયારેક કોઈ સામાન જેવી વસ્તુ હોય તો બંગલાના દ્વાર સુધી મૂકવા જતો હતો. એથીયે વિશેષ એણે આસપાસમાંથી આ રમણીકભાઈ વિશે, એમની સમૃદ્ધિ ને વ્યાપાર વિશે જાણ્યું હતું. એ વિશાળ ડ્રોઈંગરૂમ મધ્યે બેઠા... બે બાળકો અને એક દીકરી સાથે રમણીકભાઈ અને એમના પત્નીનો વિશાળ ફોટો હતો. થોડીવારમાં રમણીકભાઈ આવ્યા. સોફામાં બેઠા... કનુ માટે ચા-નાસ્તો મંગાવ્યો ને વાત માંડી એ કાંઈક આવી હતી.

ત્રણેક દાયકા પહેલાની વાત. કોમર્સ ગ્રેજયુએટ થયા બાદ બે-ત્રણ નોકરી કરી પરંતુ કયાંયે ઠરીઠામ ન થવા, સ્વમાની યુવાન નામે રમણીકને પોતાનો ધંધો - સ્વતંત્ર રૂપે કરવાની હોંશ થઈ... બાપ-દાદા એ માત્ર સરકારી નોકરીઓ કરેલી એટલે ધંધા-વ્યાપારના કક્કાનો ક પણ આવડે નહિ. પરંતુ હિંમત કરીને એણે પરિવારના ભરણપોષણ માટે એક રીક્ષા ખરીદ કરી... વહેલી સવારે પોતાના ઘરેથી ભોજનનો ડબ્બો લઈને મંદિરે દર્શન કરીને નીકળે... મોડી રાત્રી કે સાંજ સુધી રીક્ષા ફેરવીને રોજગારી રળે, એની પ્રામાણિકતા, મીઠી ભાષા, અન્યને ઉપયોગી થવાનો સ્વભાવ વગેરેને કારણે એની લોકપ્રિયતા સોસાયટીમાં થતી ગઈ... કેટલાયે ગ્રાહકો એના કાયમી ગ્રાહકો થઈ ગયા. ઘરના વડિલોને દર્શન કરવા લઈ જવાના, પૈસા કે દસ્તાવેજ કોઈને આપવા જવાના જેવા કામો પણ એ કરતો ગયો ને વિશ્વાસ હાંસલ કરતો ગયો...

એવા જ એક ગ્રાહકને ત્યાં અમેરિકાથી મહેમાન આવ્યા. એ પતિ-પત્ની એન.આર.આઈ. ને રમણીકે પાંચ-સાત દિવસ શહેરમાં જરૂર પડે ત્યારે ફેરવ્યા હતા... એકવાર એ એ.ન.આર.આઈ. એમનું પર્સ ને દસ્તાવેજો રીક્ષામાં ભૂલી ગયા... રમણીકને અડધા કલાકે ધ્યાન પડ્યું... એ હાંફળો ફાંફળો મૂળ માલિકને આપી આવ્યો...

ચાર દિવસ બાદ એ એન.આર.આઈ. એ રમણીકને પરિવાર સાથે બંગલે બોલાવ્યો - જમડાયો ને કહ્યું આ બે છોકરાંને ભવિષ્યમાં અમેરિકા મોકલ એ બંનેને હું સ્પોન્સર કરીશ... બધી જ જવાબદારી મારી દીકરાની જેમ સાચવીશ... એકાએક આવેલી ઑફર પર વિચાર કર્યો પતિ-પત્નીએ... પહેલા એક ને પછી બીજાને મોકલીશું તેમ કહ્યું... બધી જ જરૂરી વિધિઓ થઈને સમય જતા પાંચેક વર્ષમાં બંને દીકરા વિદેશમાં સેટલ થયા... ત્યાં રહીને ખુબ ભણ્યા... અહીં રમણીકભાઈને પણ પૈસા મોકલતા થયા... ટ્રાવેલ્સને ટ્રાન્સપોર્ટને એમ ધંધા વિકસતા થયા...ધીમે ધીમે જાતિ-પ્રમાણિકતા ને સાહસની રમણીકભાઈએ પોતાનું નાનકડું સામ્રાજય ઊભું કર્યું... દીકરી પરણાવી... પોતે પણ બે-ત્રણ મહિના અહીં ને બાકી વિદેશમાં રહે... અમદાવાદ આવ્યા ત્યારે શોફર ડ્રીવન કાર હોવા છતાં અનેકવાર રીક્ષામાં પ્રવાસ કરે ને અંતે કનુ જેવા યુવાનને કહે, 'હું યે રીક્ષાવાળો જ છું...'

સામાન્ય માણસના સ્વભાવમાં સમાયેલી પ્રમાણિકતા એના માટે શ્રેષ્ઠ સદ્‌ગુણ બની રહે છે અને પ્રમાણિકતાના કારણે એના વ્યક્તિત્વમાં અન્ય લોકો વિશ્વાસ મૂકે છે. આ વિશ્વાસ આખરે જાણ્યે - અજાણ્યે એના અને એના પરિવારના વ્યક્તિગત કે સામુહિક જીવનમાં સુખ-સુવિધા આપનાર બની રહે છે. એમા જીવન ઘડતરમાં પાયાનો સ્તંભ બની રહે છે. પ્રામાણિકતાના દીવડા જયારે જયારે ઝળહળે છે ત્યારે ત્યારે આપણી આસપાસ દિવ્ય ઉજાસ રેલાય છે.

યે પબ્લિક હૈ યે સબ જાનતી હૈ...

એક એવો બાળક કે જેને બાળપણમાં બોર્ડિંગ સ્કૂલમાં તેની માતાનું નામ ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના સફળત્તમ અભિનેતા અને દિગ્દર્શક સાથેના સંબંધના નામે ચીવડતા રહેતા હતા... યુવાનીમાં પગ મૂકતાં જ મમ્મીને કેન્સર સામે ઝઝૂમતી જોવી.

કાચા મનના વ્યક્તિ માટે અને ભાગેડુવૃત્તિના આ સંજયને ત્યારે 'ડ્રગ્સ' નો સહારો આ બધા દુઃખોનો રામબાણ ઈલાજ લાગ્યો... અને તે રીતસર ગંજેરી જ બની ગયો... ડ્રગ્સ લેવું કે દારુ પીવા માંડવું એ કોઈ મુશ્કેલીનો ઈલાજ નથી, પરંતુ ભાગેડું વૃત્તિ છે. ગુનાઈત પ્રવૃત્તિમાં શારીરિક રીતે તો પછી પહેલા માનસિક રીતે જોડાઈ જતા યુવાનો જ કાં તો પથ્થરબાજ બને છે, અથવા આતંકવાદી.

સંજયદત્તનું જીવન તેણે કરેલી અક્ષમ્ય ભૂલો અને કુદરતની અદૃશ્ય થપાટોનો સરવાળો છે. 'The lagend Sunil Dutt', 'The legendary Nargis' ની છાયામાં દબોચાયેલા સંજુને કહેવું જોઈએ કે કુંઠિત મનવાળા અને હૃદયમાં એક પ્રકારની નફરત અને ગુસ્સાને રાખીને ફરનાર યુવાન બેજવાબદાર પગલું ભરે છે...

દુઃખો અને હતાશાનો રસ્તો ડ્રગ્સનો જરાય નથી... 'સંજુ' આપણે સૌ જાણીએ છીએ તેમ સંજયદત્તને ગ્લોરિફાય કરીને પ્રસ્તુત કરવામાં આવે છે, તે વાતમાં મીનમેખ નથી.

'ચરસી', 'ગંજેરી' સંજુ કમબેક કરીને 'સાજન', 'સડક' જેવી ફિલ્મો દ્વારા તેને એક અલગ અને આગવો ચાહક વર્ગ ઊભો કરવામાં સફળ થાય છે. કારણ કે, પબ્લિકને ગમે છે. 'એન્ટરટેનમેન્ટ'. એન્ટરટેઈનમેન્ટ અને એન્ટરટેઈનમેન્ટ. લોકોને ખૂબ દૂરનું અને ખૂબ જુદું યાદ રાખવું ગમતું નથી, અને અહીં પણ લોકો રણબીરની એક્ટિંગ પાછળ જ દિવાના થયા છે! જેવી રીતે ખીલજી બનેલા રણવીરસિંહની એક્ટિંગની પ્રશંસા થઈ હતી... તેનો અર્થ એવો જરાય નથી કે, લોકો અલાઉદ્દીન ખીલજીના ચાહક થઈ ગયા હતા... 'સત્યા' પિકચર ખૂબ હિટ જાય તો કાંઈ સમાજમાં ગુંડાઓ વધી જવાના હતા ? સામાન્ય પબ્લિકને કહેવાતા શાણા લોકો સાવ બુદ્ધુ કેમ સમજતા હશે ! આજે ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝમાં ૭૦% કલાકારોનો અંડરવર્લ્ડ સાથે સંપર્ક છે, બધા જ દુબઈ કુરનીશ બજાવવા જાય છે, આવે છે...

ફુટપાથ પર જીવતા જીવિત વ્યક્તિને કચડી દઈને પણ અહીં 'ભાઈજાન' બચી જાય છે... 'કાળિયાર' નો શિકાર કરીને પણ ભાઈ જાન 'બિઈંગ હ્યુમન' ની મુવમેન્ટના નાટક રચીને લોકોની સહાનુભૂતિ જીતી લઈને બિન્દાસ બહાર ફરી રહ્યો છે...

'બજરંગી ભાઈ જાન', 'ટ્યુબ લાઈટ' જેવી ફિલ્મો તેની ઈમેજ સુધારવાના ભાગરૂપે જ બતાવવામાં આવી. 'સો ચૂહે માર કે બિલ્લી હજ કો ચલી' ન્યાયે ઘણા સમાજકાર્યો કરી કરીને ભાઈજાનના વકીલે રીતસર કોર્ટમાં આ જ સમાજસેવાના ગ્રાઉન્ડ પર ભાઈજાન પર રહેમ કહવાનું અને બાકી હકીકત તો આપણે જાણીએ છીએ... આપણા ત્રાજવા અલગ અલગ વ્યક્તિ માટે બદલાઈ કેમ જતા હશે!!

જયારે 'બાબા' તો બગડેલ અને વંઠેલ શાહજાદો બનીને જ રહી ગયો... કટકે કટકે કરીને સંજય દત્તે કેટલો સમય જેલમાં ગાળ્યો તે કહેવાની જરૂર નથી... કાચા કામના કેદી, આતંકવાદી માટે તો અલગ સેલ આ બધું જ તેણે ભોગવ્યું. અને પાછો આવીને ફરી 'વાસ્તવ' હોય કે 'ખૂબસૂરત' દરેક રોલ નિભાવીને પોતાની જાતને સાબિત કરી...

ફિલ્મમાં રણબીર કપૂર અને પરેશ રાવલના એવા ઘણા સીન છે, જે આપણી આંખોમાં આંસુ લાવી દે. અમેરિકામાં રિહેબીલીટેશન કેમ્પમાં ભાગીને ૨૦૦૦ માઈલની સફર ખેડીને તે તેના મિત્રના ઘરે આવે છે, ત્યારે પરેશ રાવલને ત્યાં જ જોઈને છોભીલો પડી જાય છે, પરંતુ દારૂની જે તલબ હતી તે અને બાપને ત્યાં જોઈને ક્ષોભ પામવાના મિશ્ર હાવભાવ રણબીર કપૂરે જે દર્શાવ્યા છે, તે તો જિન્સમાં જ મળ્યા હોય તો જ આવે...

વિચારયાત્રા
ડો. જય ઓઝા

ફિલ્મમાં ખૂબ મહત્ત્વનો મુદ્દો કોઈ ઉઠાવ્યો હોય તો તે મીડિયાની કામગીરી પરનો ઉઠાવ્યો છે. ગપગોળાની પાછળ માત્ર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકીને અથવા તો 'સૂત્રો તરફથી જાણવા મળ્યું છે કે' ના અગમ્ય મથાળા સાથે ચટપટી લાગે તેવી વાતો પીરસી પીરસીને લોકોને ભ્રમિત કરવાનું કામ મીડિયા બખૂબી કરી રહ્યું છે, તે હવે આપણે સૌ જાણીએ છીએ...

રણબીર કપૂરે સંજયદત્તના પાત્રમાં તેનામાં એવો કાયા પ્રવેશ કરી દીધો છે કે પિકચરના અંતે ગીતમાં સાચો સંજયદત્ત આવે ત્યારે છેક વાસ્તવિકતાનું ભાન થાય કે, ઓહ ! સંજય દત્ત તો આ છે...

ડૉક્યાર્ડ પર સુનિલ દત્ત (પરેશ રાવલ) અને સંજય દત્ત (રણબીર કપૂર) જે કારની ચાલુ હેડલાઈટમાં 'ન સર ઝુકા કે જીઓ... ઔર ન મુહ ન છીપા કે જીઓ...' ગીત ગાયા છે, એ સીન હોય કે...ન્યૂઝ એડિકટરની ઑફિસમાંથી બહાર નીકળતી વખતે પરેશ રાવલનો ડાયલોગ હોય કે - 'મેરા બેટા કોઈ ગુઝરા હુઆ વક્ત નહીં હૈ, કી વો વાપિસ ન આયે...' આ બધી બાબતો ફિલ્મને સામાન્યમાંથી વિશિષ્ટ બનાવતા અસંખ્ય સીનમાંના બે-ત્રણ સીન છે...

સંજય દત્તે કરેલી ભૂલો કે ગુનાઓને ફિલ્મમાં ભલે માત્ર 'સંજય દત્ત' ની નજરે જ દર્શાવવામાં આવ્યા હોય... આપણે એક ભારતીય તરીકે ૧૯૯૩ના બોંબ બ્લાસ્ટના મૃતકોને ભૂલ્યા નથી. સત્યને નજર અંદાજ નથી કરવું... ૩૮૫ કરોડને પાર કરીને જે રીતે આ પિકચર જનસામાન્યમાં સ્વીકાર્ય બની રહ્યું છે, તે જ દર્શાવે છે કે લોકોમાં અભિનયની યુનિવર્સિટી સમાન R.K. ના ફરંજદને, તેની એક્ટિંગને માણી રહ્યા છે... આપણા ગુજ્જુ વાર્તાલેખક - અભિજાત જોશીની વાર્તાકથન શૈલીને માણી રહ્યા છે.

બાકી આપણે સમજદાર પ્રજા છીએ, ફિલ્મમાં 'સંજુ'ના પાત્રને ગમે તેટલું ગ્લોરીફાય કરીને દર્શાવવામાં આવે, શાણા દર્શકોએ નક્કી કરવાનું છે કે કયાં જવું. સંજય દત્તના ફેન, રણબીર કપૂરના ફેન અને રાજકુમાર હિરાણીના ફેન આ ટ્રીપલ ધમાકા હોય પછી ફિલ્મ ૫૦૦ કરોડ પાર કરી જ લે ને ! બાકી 'સમાન', 'રાઝી' ના અદ્‌ભૂત અદાકાર વિકી કૌશલ, પરેશ રાવલનો એઝયુઝવલ ધમાકેદાર અભિનય અને રણબીરનું લાઈફ ટાઈમ પરફોર્મન્સનું મિશ્રણ આપણને તો મનોરંજનની અલગ જ દુનિયામાં લઈ જાય છે... બાકી

'કુછ તો લોગ કહેંગે, લોગો કા કામ હૈ કહના...'

- jayuoza@gmail.com,
Mo. 9898046488

યુવાન મિત્રોને ઘરડા મા-બાપનો પરિચય આપતાં એ ગર્વ થતો

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

એક બાપ - દીકરીના સંવાદની વાત છે. ચોમાસાની ઋતુમાં પિતા-પુત્રી શહેરથી દૂર ગામડે વીકએન્ડ મનાવવા ડ્રાઈવ ઉપર નિકળ્યા. ધીમી ધારે વરસાદ પડતો હતો. વાતાવરણ સરસ હતું. પિતા-પુત્રી અલક મલકની મજાની વાતો કરતા ગાડીમાં ડ્રાઈવ કરતા કરતા વરસાદી મોસમ માણતાં એક પુલ ઉપર આવ્યા. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે નદી બે કાંઠે વહેતી હતી. દ્રશ્ય ખૂબ સોહામણું હતું. વીસેક વર્ષની દીકરીએ પપ્પાને કહ્યું, 'પાપા, પુલ ઉપર કોઈ વાહન નથી. નદી બે કાંઠે છે. આપણે કાર સાઈડમાં પાર્ક કરી થોડીવાર ચાલીએ તો ?'

પિતાએ કહ્યું, 'એક્સેલન્ટ આઈડિયા છે બેટા. મજા પડશે ચાલવાની.' કાર પુલની સાઈડ ઉપર પાર્ક કરીને બાપ-દીકરી પુલ ઉપર વાતો કરતા ચાલવા લાગ્યા. જોત જોતામાં નદીમાં પાણીનું સ્તર વધી ગયું. ઘૂંટણ સમાણા પાણી પુલ ઉપરથી પસાર થવા લાગ્યા. બાપે દીકરીને કહ્યું, 'બેટા લાવ તારો હાથ હું પકડી રાખુ.' ત્યારે દીકરીએ કહ્યું, 'ના, પાપા હું તમારો હાથ પકડી રાખું.' પિતાએ હસતા હસતા કહ્યું, 'હું તારો હાથ પકડુ કે, તું મારો હાથ પકડે એમા શો ફરક છે બેટા ?' ત્યારે દીકરીએ ખૂબ સરસ જવાબ આપ્યો. 'ન કરે નારાયણ પાણીનુ લેવલ વધી જાય. હું તણાવા લાગું તો તમે તમારો હાથ પકડ્યો હોય તો તમે કદી ન છોડો અને મારા કારણે તમે જોખમમાં મુકાઈ જાવ. પણ જો મેં તમારો હાથ પકડ્યો હોય તો હું આવી પરિસ્થિતિમાં તમારો હાથ સહેલાઈથી છોડી દઈ શકું અને તમને જોખમ મુક્ત કરી દઉં.'

ચાર દીવાલોથી બનેલું મકાન પ્રેમ, લાગણી, આદર અને સમર્પણથી ઘર બનતું હોય છે. કોઈ ચોક્કસ નીતિ નિયમો, કાયદા કાનૂન વગર પણ આદર, માન અને સત્કારનું સામ્રાજ્ય એટલે પરિવાર. જ્યાં એકમેક માટે સમજણનું સરોવર હોય અને વડીલો માટે આદર અને પ્રેમનો મહાસાગર હોય એ પરિવાર એટલે ગુલાબના ફુલોથી મહેકતો આખે આખો બગીચો. મારી મચડીને અનુશાસનના પાઠ નહીં પણ સમર્પણની સરવાણી જ્યાં ફુટતી હોય ત્યાં ઈશ્વરનો વાસ હોય છે.

મૉર્નિંગ વોક દરમિયાન બગીચામાં બે મિત્રો ભેગા થયા. એક મિત્રએ કહ્યું, 'યાર, ક્યાં હતો આટલા દિવસ ? દેખાયો જ નહીં.' બીજા મિત્રએ કહ્યું, 'પપ્પાને મોઢાનું કેન્સર ડિટેક્ટ થયું છે. એસ.જી. હાઈવે ઉપરની કેન્સર હોસ્પિટલમાં ઓપરેશન કરાવ્યું અને હવે 'રેયઝ' માટે અઠવાડીયામાં ચાર દિવસનો શિડ્યુલ છે. એટલે આવી ન શક્યો.'

પેલા મિત્રએ કહ્યું, 'કેટલો ખર્ચો થયો?' એણે જવાબ આપ્યો, 'ઓપરેશનમાં નવેક લાખ અને 'રેયઝ'ના ત્રણેક લાખ મળીને કુલ બાર લાખ જેટલા થયા.'

આ સાંભળીને પેલા મિત્રએ સલાહ આપી, 'સિવિલમાં સરકારી રાહે ૭૦-૭૫ હજારમાં પતી જાય. ત્યાં જવું જોઈએ ને ?'

પેલા મિત્રએ કહ્યું, 'દોસ્ત, બાળપણમાં જે રમકડા ઉપર હાથ મૂક્યો એ પપ્પાએ અપાવ્યું. સામાન્ય શરદી સળેખમ થયું હોય તો પણ મમ્મી-પપ્પા સુપર સ્પેશ્યાલીસ્ટ પાસે લઈ જતાં. મોંઘામાં મોંઘી શાળા-કોલેજમાં અભ્યાસ કરાવ્યો છે. આજે જ્યારે એમની સેવા કરવાનો ઈશ્વરે મને અવસર આપ્યો છે ત્યારે હું પૈસા સામે કેવી રીતે જોઈ શકું ?' આ મિત્ર એના યુવાન મિત્રોમાં ઘરડા મા-બાપનો પરિચય કરાવતાં હમેશા ગર્વ અનુભવતો.

લગભગ ૮૦ વર્ષની આસપાસ પહોંચેલા પિતાજીની સેવા કરતા યુવાન મિત્રનો ધીકતો ધંધો છે. ધંધો માણસોને સોંપી રીતસર મહિના દિવસથી પિતાની સેવામાં લાગેલા યુવાનને બિમાર પિતાએ ઘણીવાર કહ્યું, 'મને હવે સારું છે. તું તારા શો-રૂમ ઉપર જા. જરૂર પડશે તો બોલાવી લઈશ.' પણ આ યુવાન સવાર-સાંજ અડધો કલાક શો-રૂમ ઉપર જઈ અગત્યના કામ નિપટાવી પિતાની પડખે બેસી સેવા કરે.

માણસના જીવનમાં બે તબક્કા એવા આવતા હોય છે જેમાં એ તદ્દન નાદાન અને બીજા ઉપર અવલંબિત હોય છે. એક બાળપણ અને બીજું વૃદ્ધાવસ્થા. જન્મ થાય ત્યારે હસતાં રમતાં નાનકડા ખોળીયાની ભુખ-તરસ, સુખ-દુઃખનું તમામ પ્રકારનું ધ્યાન મા-બાપ રાખે અને એ જ બાળક ૭૦-૮૦ વર્ષનું વૃદ્ધ થાય ત્યારે એનું સંપૂર્ણ ધ્યાન એનું બાળક રાખે એ કુદરતી નિયમ છે. ઈશ્વર ઘરે ઘરે નથી પહોંચી શકતો એટલે એણે દરેક ઘરમાં મા-બાપની ઐશ્વરીય ભેટ આપી છે.

માની મમતા અને બાપની કુરબાની ઉપર ખૂબ લખાયું, વંચાયું અને બોલાયું, સંભળાયું છે. પિતા એટલે કાળજીપૂર્વક સચવાયેલા કલેજામાં કડકાઈ અને કરૂણાનું અદભુત સમાયોજન સાથે સુરક્ષાના કવચથી બાળકને મળતી વિશ્વાસપૂર્વકની હૂંફ. જ્યારે મા એટલે સ્નેહના સરનામા સાથે મમતાનું અસ્ખલિત વહેતું એવું ઝરણું કે જ્યાં નિરાંતનો શ્વાસ ભરી શકાય. મા-બાપના સ્નેહાળ ઉછેરના મુળમાં આ સંસ્કારીતા બાળકમાં માતા-પિતા માટે અતુટ શ્રદ્